‘ચ’ માર્ગ પર સતત સ્પીકર્સના વાહનોની સાયરન ગુંજતી રહી

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આજે સવારે પોદાર ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. શાળામાં અભ્યાસ કરતા નાના ભુલકાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ તાળીઓના ગળગળાટથી ભુલકાઓને વધાવી લીધા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લાના એસ.પી વિરેન્દ્રસિંગ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો ચોવીસમીએ વર્લ્ડ ગર્લ ચાઈલ્ડ ડે છે... તે દિવસે કામ બંધ રાખવાનું છે... પત્રકાર જોઇ જશે તો... સરકારનું કેવું ખરાબ લાગે...!!

‘ચ’ માર્ગ પર સતત સ્પીકર્સના વાહનોની સાયરન ગુંજતી રહી

સ્પીકર્સ કોન્ફરન્સને પગલે વી.વી.આઈ.પી. મહાનુભાવોની અવર-જવર તેમના વાહનોના સાયરનથી શહેરીજનોએ મહેસૂસ કરી

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં સ્પીકર્સ કોન્ફરન્સને પગલે દિવસભર અન્ય રાજ્યોમાંથી આવેલા વી.વી.આઈ.પી. મહાનુભાવોની કારના સાયરનથી શાંત ગાંધીનગર ગુંજી ઉઠ્યું હતું. દિવસભર પોલીસ કાફલાના કાફલા વી.વી.આઈ.પી.ની સુરક્ષામાં જોવા મળ્યા હતા.

ગાંધીનગર ખાતે દેશની ૭૮મી સ્પીકર્સ કોન્ફરન્સ ચાલી રહી છે. ૨૧ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન આ કોન્ફરન્સ યોજાશે. જેમાં દેશભરના વિવિધ ૨૮ રાજ્યોના વિધાનસભાના સ્પીકર્સ અને લોકસભાના સ્પીકર્સ, વિધાનસભાના સચિવો સહિતના વી.વી.આઈ.પી. પહોંચી રહ્યા છે. આથી શાંત ગણાતા ગાંધીનગરમાં આજે દિવસભર લાલબત્તીવાળી ગાડીઓની અવર-જવરને લીધે શહેર આખુ ગુંજી ઉઠ્યું હતુ. ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ સુધીનો આખો માર્ગ આજે વ્યસ્ત રહ્યો હતો. બીજી તરફ સ્થાનિક વાહનચાલકોને પણ ઠેક ઠેકાણે ઉભુ રહેવાનો વારો આવ્યો હતો.

‘સંવિધાન સભા દ્વારા સંવિધાનનું નિર્માણ’ વિષયક પ્રદર્શનનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભા ખાતે ૨૧ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી દરમિયાન ઓલ ઈન્ડિયા પ્રિસાઈડીંગ ઓફિસર્સ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. જે અંતર્ગત વિધાનસભાના પોડિયમ ખાતે ‘સંવિધાન સભા દ્વારા સંવિધાનનું નિર્માણ’ વિષયક પ્રદર્શનનું આજે લોકસભાના અધ્યક્ષા શ્રીમતી સુમિત્રા મહાજને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવા, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા અન્ય રાજ્યોના અધ્યક્ષોની ઉપસ્થિતિમાં શુભારંભ કરાવ્યો હતો.

લોકસભા સચિવલાયના સંસદીય સંગ્રહાલય અને અભિલેખાગાર, ગુજરાત વિધાનસભા, ડી.એ.વી.પી. અને માહિતી ખાતુ ગુજરાત રાજ્યના સહયોગથી આ પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનમાં ભારતના સંવિધાનનું ઘડતર, લોકસભાનું નિર્માણ તથા લોકશાહીની સંસદીય પ્રણાલીઓ માટેના અદ્‌ભૂત જીવંત દૃશ્યો તથા ફોટાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

ભારતની લોકતાંત્રિક સંસ્થાઓની વિકાસ યાત્રા રજૂ કરતું આ પ્રદર્શન કુલ સાત વિવિધ સેક્ટરોમાં વહેંચાયેલું છે. આ પ્રદર્શનમાં ખાસ કરીને ભારતીય બંધારણ સભા દ્વારા બંધારણ નિર્માણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેને ચિત્રો, લેખો, ચાર્ટ અને પ્રેસ કટિંગના માધ્યમોથી દર્શાવવામાં આવ્યું છે. બંધારણ સભાના સભ્યો, બંધારણ તૈયાર કરવાની પ્રક્રિયા, બંધારણનો સ્વીકાર, બંધારણ પર હસ્તાક્ષર, પ્રથમ સ્વાતંત્ર દિવસના ચિત્રો તેમજ ભારતના બંધારણની સુલેખિત પ્રતો પણ આ પ્રદર્શનમાં મુકવામાં આવી છે.

રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે ૨૫મીએ યોગ શિબીર

પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે યોગ શિબીરનું આયોજન તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સવારના ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન રામકથા મેદાન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. યોગ શિબીરમાં પતંજલી સમિતિ, ગાંધીનગર દ્વારા યોગ કરાવવામાં આવશે. આ યોગ શિબીરમાં ગાંધીનગરના નગરજનો ઉપસ્થિત રહેવા ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી. મોદીએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગરમાં ‘બેટી વધાવો’ રેલી યોજાઈ

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરમાં રાષ્ટ્રીય બાલિકા સપ્તાહની ઉજવણીના ભાગરુપે ગાંધીનગર તાલુકા હેલ્થ કચેરી દ્વારા બેટી વધાવો રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં સર્વ વિધાલય કેળવણી મંડળની વિદ્યાર્થીનીઓ મોટીસંખ્યામાં જોડાઈ હતી.

ગાંધીનગર તાલુકા હેલ્થ કચેરી દ્વારા બેટી વધાવો રેલીમાં ગાંધીનગર સેકટર -૨૩ સ્થિત સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત નાથીબા કોમર્સ કોલેજ, ઉમા આટર્સ કોલેજ,અશ્વીનભાઈ પટેલ કોમર્સ કોલેજ તેમજ ભોળાભાઈ પટેલ બીસીએ કોલેજ સહિત ૬૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ રેલીમાં ઉત્સાહભેર જોડાઈ હતી. શહેરના ઘ-૫ ખાતેથી ગાંધીનગર તાલુકાના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ડી.સી.જોગાણી, ગાંધીનગર જીલ્લાના આર.સી.એચ અધિકારી ડૉ.આર.વી.પંડયા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.પિયુષ પટેલ, તેમજ જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી ચેતનાબેન પટેલ દ્વારા લીલી ઝંડી ફરકાવી ને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં હાજર ૬૦૦ વિદ્યાર્થીનીઓએ દિકરો -દિકરી એકસમાન, દિકરો વ્હાલનો દરિયો, સ્ત્રીભ્રુણ હત્યા મહાપાપ સહિતના પ્લેકાર્ડ દર્શાવી સુત્રોચ્ચાર કર્યા હતા. નગરના ઘ-૫ થી રેલી ઘ-૪ થઈ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચીને રેલીનું સમાપન થયું હતું. આ રેલીને સફળ બનાવવા માટે ગાંધીનગર તાલુકાના તમામ સ્ટાફે તેમજ સર્વ વિધાલય કેમ્પસની વિદ્યાર્થીનીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

બસપા દ્વારા સ્વ.રોહીત વેમુલાને શ્રધ્ધાંજલી કાર્યક્રમ

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા યુનિટ દ્વારા સ્વ.રોહીત વેમુલાની શ્રધ્ધાંજલિ સભા અને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ તા.૨૩ જાન્યુઆરીને શનિવારના રોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સેકટર-૬ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જીલ્લા યુનિટના સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સામાન્ય સભાના સભ્યો માટે મંગાવાયેલો નાસ્તો પડી રહેતાં પાછળથી હાજર રહેલા કાર્યકરોને અપાયો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ સહિત કોંગ્રેસના સભ્યો ૧૦ મિનિટ મોડા પડ્યા હતા.

● સામાન્યસભાની શરૂઆતથી જ સિનીયર સભ્ય શ્રી અરવિંદસિંહ સોલંકી ફોનથી નિરીક્ષકો સાથે સંપર્કમાં હતા.

● આજથી ગાંધીનગરમાં બે દિવસીય સ્પીકર્સ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે.

● ગાંધીનગરમાં વહેલી સવારે ધુમ્મસ અને ઝાકળ જોવા મળી રહી છે.

● ગાંધીનગરના જુના સેક્ટરોના સરકારી આવાસોના નંબર અને સીડીઓની લાઈટો સતત બંધ જોવા મળે છે. નંબરો વાંચી શકાય તેવા પણ દેખાતા નથી.

● વિધાનસભા સંકુલને આજે ફૂલોની શેરો તેમજ રંગોળીથી અદ્‌ભૂત રીતે સજાવવામાં આવ્યું હતું.

આજે લિમ્બચ માતાજી મંદિર ખાતે મહાઆરતી

ગાંધીનગર, તા.૨૨

શ્રી લિમ્બચ માતાજી મંદિર, સેકટર-૧૩ ખાતે તારીખ ૨૩-૧-૨૦૧૬ શનિવારના દિવસે પૂનમ હોવાથી સાંજે ૬.૦૦ કલાકે મહાઆરતી કરવામાં આવશે. મહાઆરતીમાં સ્વજનોને ઉપસ્થિત રહેવા માટે શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન

સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિ ઉજવણી સંદર્ભે વકતૃત્વ અને નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮, ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ એમ ત્રણ વિભાગમાં સ્પર્ધકો ભાગ લઈ શકે છે. નગરના જે કોઈ વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઈચ્છતા હોય તો નિબંધલેખન માટે તા. ૨૩મી જાન્યુઆરીને શનિવાર તથા વકતૃત્વ સ્પર્ધા માટે તા. ૨૫મી જાન્યુઆરીને સોમવાર સુધીમાં યુનિવર્સિટીના કચેરીના સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરી પોતાની નોંધણી કરાવવા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કમલામણી રાવે જણાવ્યું છે.

ગાંધીનગરમાં તાલુકા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે

ગાંધીનગર તાલુકા કક્ષાના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન-૨૬ જાન્યુઆરી-૨૦૧૬ની ઉજવણી શાલીન કોમ્પલેક્ષની સામેના મેદાનમાં, ચ-૩ સર્કલ નજીક, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકે થશે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુર રાષ્ટ્રીયધ્વજ લહેરાવી સલામી આપશે. તેમજ વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિસભર રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

બીસીએ કોલેજના વિદ્યાર્થીઓનું ટીસીએસમાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના સેમિસ્ટર-૬ ના ૮ વિદ્યાર્થીઓનું ટીસીએસ કંપનીમાં પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત વધુ માહિતી આપતા કોલેજના પ્લેસમેન્ટ કો ઓર્ડીનેટરે જણાવ્યું છે કે આ વિદ્યાર્થીઓ અંતિમ ૧૦૨ પ્રતિસ્પર્ધીઓમાંથી ગ્રેજયુએટ ટ્રેઈની તરીકે નિયુકિત પામ્યા છે. આ વિદ્યાર્થીઓ એપ્ટીટયુડ ટેસ્ટ, ટેકનીકલ રાઉન્ડ, મેનેજમેન્ટ રાઉન્ડ અને એચ.આર. રાઉન્ડ પાસ કરીને રૂપિયા ૧,૮૬,૦૦૨ના વાર્ષિક પેકેજમાં નિયુકત થયા છે. સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ આ પેકેજથી પસંદ થયા છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સારી રીતે કરી શકે તે માટે કોલેજના પ્લેસમેન્ટ વિભાગ અને સ્ટાફ મિત્રો દ્વારા તેઓને સઘન અને સતત માર્ગદર્શન આપવામાં આવે છે આ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓના ભાગ રૂપે આ વિદ્યાર્થીઓ માટે સમયાંતરે વિવિધ સેમીનાર અને વર્કશોપનું આયોજન કોલેજ દ્વારા કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમોની માંગને પહોંચી વળવા માટે આ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૨ થી જ અભ્યાસક્રમમાં પ્રોજેકટને લગતી તાલીમ આપવામાં આવે છે જેના ફળ સ્વરૂપે સેમેસ્ટર ૬ સુધીમાં આ વિદ્યાર્થીઓ વિવિધ ટેકનોલોજીમાં પારંગત થાય છે જેનો સંપૂર્ણ શ્રેય વિદ્યાર્થીઓની મહેનત અને અધ્યાપકોના માર્ગદર્શનને આભારી છે.

ગ્રેજયુએટ લેવલ પર વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ સાહેબ અને કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ અને કોલેજ પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ઉત્તરોઉત્તર પ્રગતિના શિખરો સર કરતા રહે તે માટે શુભેચ્છા પાઠવવામાં આવી છે.

ચિલોડા ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૬ વિભાગની બહેનોની દસ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની ફાઈનલમાં ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કૂલને ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાની ટીમે પરાજય આપી વિજેતા પદ હાંસલ કર્યું હતું. હવે વિજેતા ટીમ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. ખેલાડીઓને ઉત્કૃષ્ઠ પ્રદર્શનથી શાળાનું ગૌરવ વધારવા બદલ આચાર્ય ચિમનભાઈ પટેલ, વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. (નટુભાઈ પટેલ, ચિલોડા)

આદિવાસી સમાજમાં હક્ક અંગે તાકિદે પગલાની માંગ

અહેમદ પટેલે જુઆલ ઓરામને ખાસ પત્ર લખ્યો : વન અધિકાર કાયદાના હવે કરવામાં આવેલા અર્થઘટને આદિવાસી ભાઈઓના લાભને અટકાવી દીધો છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૨૨

આદિજાતિ બાબતોના મંત્રાલયના વન સંચાલન અને વન પેદાશોના શ્વેતપત્ર અંગે મહારાષ્ટ્ર સરકારને સંપૂર્ણ સત્તા સોંપી હોવાનું ધ્યાન ઉપર આવતા કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અને સાંસદ અહેમદભાઈ પટેલે આદિજાતિ બાબતોના કેન્દ્રિય પ્રધાન જુઆલ ઓરામને એક પત્ર લખીને વન અધિકાર કાયદા હેઠળ દેશના આદિવાસી સમાજના હક્ક અને અધિકાર અંગે તાકીદે પગલાં ભરવાની માંગ કરતાં જણાવ્યું હતું કે, આદિજાતિ મંત્રાલય દ્વારા વહીવટી મંજુરી દ્વારા વન સંચાલન અને વન પેદાશોના શ્વેતપત્ર અંગે મહારાષ્ટ્ર સરકારને સંપૂર્ણ સત્તા આપવાની બાબત સંસદમાં પસાર કરવામાં આવેલ વન પેદાશોના શ્વેતપત્ર અંગે મહારાષ્ટ્ર સરકારને સંપૂર્ણ સત્તા આપવાની બાબત સંસદમાં પસાર કરવામાં આવેલ વન અધિકાર કાયદા, ૨૦૦૬ની સંપૂર્ણપણે અવહેલના સમાન છે. વન અધિકાર કાયદો, ૨૦૦૬માં એવું સ્વીકારવામાં આવ્યું હતું કે, દેશના જંગલોની આસપાસ રહેતા આદિવાસી સમૂદાય તેના સંસાધનો અને પેદાશોના સાચા હકદાર બનશે. વન અધિકાર કાયદાનો હેતું જ શોષણ અને ભેદભાવના લાંબા ઈતિહાસ સામે ટકી રહેલા આદિવાસી લોકોને કાનુની રીતે અમલી બની શકે તેવા વ્યાપારી અધિકારો આપવાનો હતો. પરિસ્થિતિની કરૂણતા એ છે કે, વન અધિકાર કાયદાના અમલીકરણને લીધે લાભ મેળવનાર મહારાષ્ટ્રના આદિજાતિના ગામડાઓ સૌ પ્રથમ હતા.

આ કાયદાને લીધે જ વનવિભાગ અને ખાનગી કોન્ટ્રાક્ટરો વચ્ચેની દાયકા જુની સાંગગાઠનો અંત આવ્યો હતો અને તેના લીધે જ ગ્રામવાસીઓને વન પેદાશોના વેચાણનો સીધો લાભ મળ્યો હતો. કમનસીબે, આદિજાતિ મંત્રાલય દ્વારા તાજેતરમાં વન અધિકાર કાયદાના કરવામાં આવેલ અર્થઘટને આદિવાસી ભાઈઓના લાભને અટકાવી દીધો છે.

દહેગામ ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વપ્રજાસત્તાક દિન-૨૬ જાન્યુઆરી-૨૦૧૬ની જિલ્લાકક્ષાની ઉજવણી રાષ્ટ્રભક્તિસભર વાતાવરણમાં મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ બોયઝ અને ગર્લ્સ હાઈસ્કૂલની પાછળનું મેદાન, દહેગામ ખાતે સવારે ૯.૦૦ કલાકે થનાર છે. આ પ્રસંગે નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ, ખનીજ, કુટિર ઉદ્યોગ, પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ રાષ્ટ્રીયધ્વજ લહેરાવી સલામી આપશે. જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા જનજાગૃતિ લાવે તેવા અને સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતા ટેબ્લોઝ રજુ કરવામાં આવશે.

કોંગ્રેસને રામરામ કરી ભાજપમાં જોડાયા શહેરી અગ્રણીઓ

ગાંધીનગર, તા. ૨૨

તા. ૨૨-૧-૨૦૧૬, શુક્રવારના રોજ જિલ્લા ભાજપ કાર્યાલય ‘શ્રી કમલમ્’ સે. ૨૧ ખાતે કોંગ્રેસના વર્ષો જુના ક્ષત્રિય સમાજના, પાટીદાર સમાજના અને દલિત સમાજના કાર્યકર્તા તેમજ હોદેદારો જિલ્લા મહામંત્રીશ્રી હિતેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા પ્રમુખશ્રી આઈ.બી. વાઘેલા, મહામંત્રીશ્રી જશુભાઈ પટેલ, જિલ્લા સદસ્યશ્રી સુશિલાબા વાઘેલા તથા જયેશભાઈ ચૌધરી, જ્યોત્સનાબેન ચાવડા તથા યુવા મોરચાના ધવલસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં કોંગ્રેસનો ખેસ છોડી વિધિવત રીતે ભાજપનો ખેસ ધારણ કરી ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. જેઓના નામ નીચે મુજબ છે.

વાઘેલા ગંભીરસિંહ કેસરીસિંહ (જિ.કોંગ્રેસ ઉપપ્રમુખ), પટેલ હિરેનભાઈ અનંતભાઈ (જિ.કોંગ્રેસ ઉપપ્રમુખના પુત્ર), ઠાકોર રમણજી જેણાજી (કોંગ્રેસ કા. સભ્ય), ગોસ્વામી મુકેશગીરી આનંદગીરી (કા. સભ્ય), ઝાલા વીણાબા અશોકસિંહ (કા. સભ્ય), ઝાલા અશોકસિંહ દિલાવરસિંહ (કા. સભ્ય), સોલંકી મુકેશસિંહ (કા. સભ્ય), શ્રીમાળી કોકિલાબેન જી. (કા.સભ્ય) અને પટેલ હસમુખભાઈ શનાભાઈ (કા. સભ્ય)નો સમાવેશ થાય છે.